આંક–૧ નુ સંધાણ                                         સ્પેશીયલ દિવાની દાવા નંબર :૪૫/ ૨૦૧૭

**<u>આંક–૧ દાવા અરજી લગત હુકમ</u>**

પોકારતાં વાદી હાજર નથી કે કોઈ પુરાવો કે મુદત અરજી નથી. સબબ કામ મોરબી જીલ્લામાથી નામદાર જીલ્લા અદાલતના હુકમ આધારે અત્રેની કોર્ટમા તા.૧૩.૧૧.૧૭ ના રોજ ટ્રાન્સફર થઈને આવેલ છે.વધુમા સબબ કામે મુદ્દા આંક–૪૦ થી તા.૨૦.૯.૧૭ ના રોજ કાઢવામા આવેલ છે

સબબ કામ ટ્રાન્સફર થઈને આવતા આ કામના વાદીને હાજર રહેવા નોટીસ કરતા તે નોટીસ વાદીને બજતા વાદી નં.૩,૧૦ હાજર રહેલા છે પણ છેલ્લી ૨ મુદતોથી વાદી હાજર રહેલા નથી કે કોઈ પુરાવો રજુ કરેલ નથી. આજરોજ પોકારતા વાદી કે તેના વકીલ શ્રી હાજર નથી કે કોઈ પુરાવો રજુ નથી કે પુરાવા રજુ કરવા કોઈ મુદત અરજી નથી ત્યારે વાદીને હાજર રહી દાવાની કાર્યવાહી આગળ ચલાવવામાં કોઈ રસ ન હોવાનુ માનવાને વ્યાજબી કારણ જણાય છે. તેવા સંજોગોમા વાદીની કસુર તથા બેદરકારીના કારણે વાદીનો દાવો કાઢી નાખવાપાત્ર છે તેમ ઠરાવી વાદીની ગેરહાજરી સબબ તથા વાદીની કસુરનાં કારણે વાદીનો દાવો કાઢી નાખવાં હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આ હુકમ આજરોજ તારીખ–૨૯, માહે.ઓકટોબર,સને–૨૦૧૮નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સાંભળી જાહેર કર્યો.

તારીખ:–૨૯.૧૦.૨૦૧૮

વાંકાનેર

(ભરતકુમાર વિઠ્ઠલભાઈ પરમાર)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,વાંકાનેર.
કોડ નં જી.જે.૦૦૯૩૯.